# ગ્રામીણ ડાક સેવક

ગ્રામીણ ડાક સેવક (જી.ડી.એસ.) પોસ્ટમાસ્ટર અથવા સબ-પોસ્ટમાસ્ટરને ટપાલ ટીકીટો અને સ્ટેશનરીના વેચાણમાં તેમજ ટપાલના હસ્તાંતરણમાં મદદ કરે છે. તે અથવા તેણી રેલ્વે મેલ સેવાઓ (આર.એમ.એસ.) જેવી કે બેગ ખોલવા અને બંધ કરવામાં તેમજ બેગના પરિવહન વગેરેમાં પણ સહાયતા કરે છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમને ફાઈલ કરવાનું અથવા ટાઈપ કરવાનું ગમે છે
- તમે નવી જવાબદારીઓ લેવા માટે ઉત્સાહિત છો
- તમને ફાઈલો, ડેસ્ક/ઓફિસને સુવ્યવસ્થિત રીતે ગોઠવવાનું પસંદ છે

આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. - થી -*** જેટલી હોય છે.

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે.)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.




## પ્રવેશ માટે...

૧. કોઈપણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. ઈન્ડિયા પોસ્ટની અધિકૃત વેબસાઈટ પર ગ્રામીણ ડાક સેવક (GDS) / બ્રાંચ પોસ્ટમાસ્ટર (BPM) / આસિસ્ટન્ટ બ્રાન્ચ પોસ્ટમાસ્ટર (ABPM) / ડાક સેવક)ના પદ માટે અરજી કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો.

## અપેક્ષિત આવક

* અહી આપેલ આંકડા એન.સી.એસ.માંથી લેવામાં આવ્યા છે અને તે ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે.

ગ્રામીણ ડાક સેવકનું માસિક વેતન **રૂ. ૧૦,૦૦૦** થી **૨૯,૩૮૦*** જેટલું હોય છે.

સ્રોત:https://indiapostgdsonline.cept.gov.in/Notifications/Model_Notification.pdf/

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** વિભાગીય કચેરીઓ જેમ કે સબ પોસ્ટ ઓફિસ, હેડ પોસ્ટ ઓફિસ વગેરે.

**કાર્યસ્થળનું વાતાવરણ :** તમે ઓફિસમાં કામ કરશો. તમારે ટીમને સંભાળવાની રહેશે નહીં. સ્થાનિક મુસાફરી એ તમારી કામગીરીનો એક ભાગ છે. આ  નોકરી બદલીપાત્ર હોય છે. તમે અઠવાડિયામાં ૫ થી ૬ દિવસ અને દરરોજ ૮ થી ૯ કલાક કામ કરો તેવી શક્યતા છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

ગ્રામીણ ડાક સેવક → મલ્ટી ટાસ્કિંગ સ્ટાફ → પોસ્ટમેન → પોસ્ટલ આસિસ્ટન્ટ → પોસ્ટલ ઈન્સ્પેક્ટર → પોસ્ટ ઓફિસના અધિક્ષક → પોસ્ટ ઓફિસના વરિષ્ઠ અધિક્ષક

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**ભારતમાં  આવેલી માન્યતા પ્રાપ્ત કોઈપણ કોલેજ.**

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- www.ncs.gov.in
- https://anubandham.gujarat.gov.in
- mybharat.gov.in
- www.skillindiadigital.gov.in

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

સુમન બાપ્પા કોલકાતામાં ઈન્ડિયા પોસ્ટમાં બ્રાન્ચ પોસ્ટમાસ્ટર છે. તેમણે ટેકનો ઈન્ડિયા સોલ્ટ લેક (ટી.આઈ.એસ.એલય) માંથી મિકેનિકલ એન્જિનિયરીંગમાં બી.ટેક.ની ડિગ્રી હાંસલ કરેલી છે.*

સ્ત્રોત:https://www.quora.com/profile/Suman-Bappa

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

ઈન્ડિયન પોસ્ટ વેકન્સિસ, બ્રાન્ચ પોસ્ટ માસ્તર, આસિસ્ટન્ટ બ્રાન્ચ પોસ્ટ માસ્તર